વિકલાંગ વ્યક્તિઓના સ્વાસ્થ્ય વીમા રક્ષણ માટે નિરામયા હેલ્થ ઇન્સ્યોરન્સ યોજનાનો રાજ્યમાં અમલ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક : અપગ/૧૦૨૦૧૭/૭૫૧૯૧/ન.બા.૮/છ-૧
સચિવાલય, ગાંધીનગર
તા. ૪/૪/૨૦૧૭

વંચાણે લીધા :

(૧) ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હીનો તા.૩/૬/૨૦૧૬નો પત્ર ક્રમાંક: D.O No.1/219/Niramaya Action Plan/NAT/2016/375.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીનો તા.૧/૨/૨૦૧૭નો પત્ર ક્રમાંક : સસુખા/યજન/ન.બા/૨૦૧૬-૧૭/૧૬, તથા તા. ૬/૩/૨૦૧૭નો પત્ર ક્રમાંક: સસુખા/યજન/૨૦૧૬-૧૭/૫૦.

**આમુખ:**

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય હેઠળનું નેશનલ ટ્રસ્ટ (૧) મેન્ટલ રીટાર્ડેશન (માનસિક ક્ષતિવાળા) (૨) સેરેબ્રલ પાલ્સી (મગજનો લકવો), (૩) ઓટીઝમ (સ્વલીનતા) (૪) મલ્ટીપલ ડિસેબિલિટીઝ (બહુવિધ વિકલાંગતા) ધરાવતા વિકલાંગ વ્યક્તિઓના કલ્યાણ માટે કામ કરતું એક વૈધાનિક મંડળ છે. નેશનલ ટ્રસ્ટ સદર વિકલાંગ વ્યક્તિઓના ઉત્કર્ષ માટે ૧૦ યોજનાઓનું અમલીકરણ કરી રહેલ છે. જે પૈકી ઉક્ત ચાર પ્રકારની વિકલાંગતા ધરાવતા વિકલાંગ વ્યક્તિઓના સ્વાસ્થ્ય વીમા રક્ષણ માટે નિરામયા હેલ્થ ઇન્સ્યોરન્સ યોજના અમલમાં છે. જેમાં વિકલાંગ વ્યક્તિને રૂ.૧.૦૦ લાખ સુધીનું રક્ષણ મળવાપાત્ર થાય છે. જેમાં હોસ્પિટલમાં દાખલ, ઓપરેશન, ઓ.પી.ડી દવાઓ અને વાહનવ્યવહાર ખર્ચનો સમાવેશ થાય છે. આ યોજનામાં તમામ વયજૂથના વિકલાંગ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવેલ છે તથા તમામ વિકલાંગ વ્યક્તિઓને એક સમાન પ્રિમીયમ ચૂકવવાનું હોય છે. આ યોજના અંતર્ગત લાભાર્થીને કોઇપણ પ્રકારની પૂર્વ તબીબી પરીક્ષા (મેડીકલ

ટેસ્ટ)ની જરૂરીયાત રહેતી નથી અને લાભાર્થી કોઇપણ હોસ્પિટલમાં સારવાર લઇ શક છે.

આ યોજના અંતર્ગત બી.પી.એલ. અને એ.પી.એલ. (કૌટુંબિક માસિક આવક રૂા.૧૫,૦૦૦/- સુધી હોય તેવા) વિકલાંગ લાભાર્થીને રૂા. ૨૫૦/- વાર્ષિક પ્રિમીયમ તથા એ.પી.એલ. (કૌટુંબિક માસિક આવક રૂા.૧૫,૦૦૦/- થી વધુ હોય તેવા ) વિકલાંગ લાભાર્થીને રૂા.૫૦૦/- વાર્ષિક પ્રિમીયમ ભરવાનું રહે છે. આ યોજનાનો રાજ્યમાં અમલ કરવા નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા તા.૧/૨/૨૦૧૭ના પત્રથી નવી બાબત રજૂ કરવામાં આવેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે નિરામયા હેલ્થ ઇન્સ્યોરન્સ યોજના અંતર્ગત મેન્ટલ રીટાર્ડેશન (માનસિક ક્ષતિવાળા) (૨) સેરેબ્રલ પાલ્સી (મગજનો લકવો), (૩) ઓટીઝમ (સ્વલીનતા) (૪) મલ્ટીપલ ડિસેબિલિટીઝ (બહુવિધ વિકલાંગતા) ધરાવતા બી.પી.એલ. અને એ.પી.એલ. (કૌટુંબિક માસિક આવક રૂા.૧૫,૦૦૦/- સુધી હોય તેવા) વિકલાંગ લાભાર્થીને ભરવા પાત્ર પ્રીમીયમ રૂ.૨૫૦/- અને એ.પી.એલ. (કૌટુંબિક માસિક આવક રૂા.૧૫,૦૦૦/- થી વધુ હોય તેવા) વિકલાંગ લાભાર્થીને ભરવા પાત્ર પ્રીમીયમ રૂ.૫૦૦/- ની રકમ રાજ્ય સરકાર દ્વારા ભરવાની માંગણી ક્રમાંક : ૯૨, અંદાજપત્ર પ્રકાશન ૨૪-૧ પાના નં. ૧૪૩ હેઠળ સૂચવેલ બજેટ સદર હેઠળ કુલ રૂા. ૨૫.૦૦ લાખની નવી બાબતને નીચે મુજબની શરતોને અધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રીય જોગવાઇને અધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

-3-

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજના અંતર્ગત વિકલાંગ વ્યક્તિઓ દ્વારા નેશનલ ટ્રસ્ટ હેઠળ નોંધાયેલ સંસ્થાઓ અથવા સ્ટેટ નોડલ એજન્સી સેન્ટર મારફતે યોજનાઓ લાભ મળવાપાત્ર થશે, નેશનલ ટ્રસ્ટ હેઠળ નોંધાયેલ સંસ્થાઓ અથવા સ્ટેટ નોડલ એજન્સી સેન્ટર દ્વારા લાભાર્થીના નામ તથા ખર્ચની યાદી મળ્યેથી તેને ગ્રાન્ટ ચુકવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૨, મુખ્ય સદર-૨૨૩૫- સામાજિક સુરક્ષા અને કલ્યાણ, પેટા મુખ્ય સદર- ૦૨- સમાજ કલ્યાણ, ગૌણ સદર- ૧૦૧- વિકલાંગોનું કલ્યાણ, પેટા સદર-03 –SCW-8 વિકલાંગો માટેની કલ્યાણ યોજના સદરે પાડવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૧/૩/૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેન્દ્ર ચૌહાણ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

(૧) માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.
(૨) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) સર્વે મંત્રીશ્રીઓ/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
(૪) સચિવાલયના સર્વે વિભાગો.
(૫) માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૬) અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૭) અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૮) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૯) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૦) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર મારફતે)

(૧૧) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.

(૧૨) સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,

(૧૩) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૧૪) નાણા સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ) સચિવાલય, ગાંધીનગર.

(૧૫) સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

(૧૬) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર........... વિભાગની વેબ સાઇટમાં છ-૧ શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૭) સિલેકટ ફાઇલ છ-૧ / શાખા.